# સર્વસ્વ દાન

એક પુરાણું મંદિર હતું. મંદિરમાં તિરાડો પડી હતી. એક વાર ખૂબ ભારે વર્ષા થઈ અને હવા તેજ ચાલી, મંદિરનો ઘણોખરો ભાગ કડડભૂસ કરતો તૂટી પડયો.

તે દિવસે એક સાધુ વરસાદમાં તે મંદિરમાં આવીને આશરા માટે ઊતર્યો હતો. ભાગ્યથી તે જ્યાં બેઠો હતો, તે તરફનો ખૂણો બચી જવા પામ્યો અને સાધુને ચોટ વાગી નહીં.

સાધુએ સવારમાં પાસેના બજારમાં ફાળો ઉઘરાવવો આરંભ કર્યો. તેણે વિચાર્યું. મારી હયાતી છતાં ભગવાનનું મંદિર પડયું છે તો તેને બનાવીને જ મારે આગળ જવું જોઈએ.

વેપારીઓમાં શ્રદ્ધા હતી, સાધુ જ્ઞાની હતો. તેણે ઘેર ઘેર જઈને પૈસા એકઠા કર્યા. મંદિર બની ગયું.

ભગવાનની મૂર્તિની બહુ મોટા ઉત્સવની સાથે પૂજા–પ્રતિષ્ઠા થઈ. ભોજન–ભંડારો થયો. સૌએ આનંદથી ભગવાનનો પ્રસાદ લીધો.



ભંડારાના દિવસે સાંજના સભા થઈ. સાધુ દાતાઓને ધન્યવાદ આપવા માટે ઊભો થયો. તેના હાથમાં એક કાગળ હતો. તેમાં લાંબી યાદી હતી. એણે કહ્યું, ‘સૌથી મોટું દાન એક ડોસીમાએ આપ્યું છે. તે જાતે જ આવીને દાન આપી ગઈ હતી.’

લોકોએ વિચાર્યું કે જરૂર કોઈ ડોસીએ બસો–પાંચસો રૂપિયા આપ્યા હશે. કેટલાય લોકોએ સો રૂપિયા આપ્યા હતા. પરંતુ બધાંને ભારે આશ્ચર્ય થયું. જ્યારે સાધુએ કહ્યું, 'ડોસીમાએ મને ચાર પૈસા અને થોડો આટો આપ્યો છે.'

લોકો સમજ્યા કે સાધુ મશ્કરી કરી રહ્યો છે. સાધુએ આગળ કહ્યું, 'તે લાકોનાં ઘેર અનાજ પીસીને પોતાનું ગુજરાન ચલાવે છે. તે આ પૈસા કેટલાય મહિના એકઠા કરી શકી હતી. એ જ એની તમામ મિલકત હતી. હું સર્વસ્વ દાન કરનાર એ શ્રદ્ધાળુ માતાને પ્રણામ કરું છું.'

લોકોએ મસ્તક ઝુકાવી લીધાં.

સાચે જ ડોસીનું મનથી આપેલું સર્વસ્વ દાન જ શ્રેષ્ઠ દાન છે.

**– 'પંચતંત્ર કથામાળા'માંથી સાભાર**

■